# જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ, વલસાડ

મોરારજી દેસાઈ ભવન, ૧ લો માળ, જિલ્લા પંચાયત કચેરી ધરમપુર રોડ, વલસાડ-૩૯૬૦૦૧,
ફોન નંબર : ૦૨૬૩૨-૨૫૩૨૧૦, E-Mail: dpeovalsad@gmail.com

નં.જિ.પં/શિક્ષણ/વહટ-૧/વશી.- ૭૫૩ /૨૦૨૦ તા.૨૨/૦૬/૨૦૨૦

પ્રતિ,

મેનેજીંગ ટ્રસ્ટીશ્રી
પોદાર એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત
પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ ટુકવાડા,
તા.વાપી, જિ.વલસાડ

વિષય :- ધોરણ-૧ થી ૫ માટે કાયમી માન્યતા આપવા બાબત.

સંદર્ભ :- (૧) મેનેજીંગ ટ્રસ્ટીશ્રી પોદાર એજ્યુકેશન ટ્રસ્ટ, વાપી, પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ ટુકવાડા તા.૧૧/૧૨/૨૦૧૯ ની અરજી.

(૨) તપાસ અધિકારીશ્રી મીનાબેન એલ.પટેલ ઈ.ચા.તા.પ્રા.શિ.વાપી ધ્વારા મળેલ તપાસ અહેવાલ

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આપશ્રીનાં મંડળ/ટ્રસ્ટ ધ્વારા સંદર્ભ-(૧) નાં પત્રથી પોદાર એજ્યુકેશન ટ્રસ્ટ, વાપી સંચાલિત પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, ટુકવાડા તા.વાપી, જિ.વલસાડને ધોરણ-૧ થી ૫ માટે કાયમી માન્યતા મેળવવા દરખાસ્ત રજુ કરેલ છે.

જે અન્વયે પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, ટુકવાડા તા.વાપીની સ્થળ મુલાકાત ચકાસણી નિરીક્ષણ કરતાં સંદર્ભ-૨ નાં પત્રથી રજુ કરેલ અહેવાલ અન્વયે મુંબઈ પ્રાથમિક રાજ્યના જાહેરનામા ક્રમાંક-કે.પી.એસ./૧૯૯૭/ ૧૪૯૫/છ તા.૧૮/૦૪/૯૮ થી મળેલ અધિકાર અન્વયે અનુદાન નહી મેળવવાની શરતો જુન-૨૦૧૬ થી ધોરણ-૧ થી ૫ (અંગ્રેજી માધ્યમ) માટે કે પોદાર ઈન્ટરનેશનલ સ્કૂલ, ટુકવાડા તા.વાપી જિ.વલસાડનાં વ્યવસ્થાપકને કાયમી માન્યતા આપવામાં આવે છે.

અત્રેની કચેરીનાં માન્યતા પ્રમાણપત્ર તા.૨૦/૦૫/૨૦૧૩ ની શરતો યથાવત રહેશે અને તેનું પાલન કરવાનું રહેશે.

પંચાયત શિક્ષણ સમિતિ વલસાડ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
જિલ્લા પંચાયત વલસાડ



૨૨/૦૪/૨૦૨૧
PRINCIPAL
PODAR INTERNATIONAL SCHOOL-VAPI

ક્રમાંકઃપ્રાશિનિ/ખ-૨/અપીલ-૨૫/વલસાડ/૨૦૧૯/૧૦,૬૮૫-૮૭

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક નં.૧૨/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગુ.રા.ગાંધીનગર. તા.૨૧/૧૦/૨૦૧૯

વિષયઃ- નવી ખાનગી (બિન અનુદાનિત)પ્રાથમિક શાળા/ક્રમિક વર્ગ/વર્ગ વધારા માટે અપીલ અરજી બાબત.

વંચાણે લીધાઃ-

(૧) મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને તે હેઠળના ૧૯૪૯ના નિયમોની જોગવાઇઓ

(૨) ગુજરાત RTE નિયમો- ૨૦૧૨, શિક્ષણ વિભાગ સચિવાલય ગાંધીનગરનું જાહેરનામા ક્રમાંકઃ GH-SH-4-PRE-૧૨૨૦૧૦/GOI-10/K તા.૧૮-૨-૨૦૧૨

(૩) જિ.પ્રા.શિ.અ. ની કચેરી, વલસાડના આદેશ નં. શિક્ષણ/ખાનગી/વર્ગ વધારો/વશી/ ૧૯/૨/૧૪૮૭-૧૬૧૩ તા.૩૦/૦૫/૨૦૧૯ VAL500002

(૪) ટ્રસ્ટી, પોદાર એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફીસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ અપીલ નં. ૨૫ તા. ૧૪/૦૭/૨૦૧૯ ની અરજી.

(૫) શિ.વિ.ના જાહેરનામા ક્રમાંક- GH/SH/85/PRE/112018/Single File-24/K : Date 04th October,2019

આમુખઃ-

પોદાર એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફીસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ સંચાલિત પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, ટુકવાડા ગામ, વાપી, વલસાડની જૂનઃ૨૦૧૯ થી બિનઅનુદાનિત ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાનો ધોરણ- ૬ થી ૮ નો વર્ગ (અં.મા.) શરૂ કરવાની દરખાસ્ત જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વલસાડએ ઉપર વંચાણે લીધેલ હુકમ પત્ર (૩) થી નામંજૂર કરેલ છે. જેની સામે સદરહુ ટ્રસ્ટે શિક્ષણ વિભાગના સંદર્ભદર્શિત પત્ર (૨) ના જાહેરનામાથી પ્રસિધ્ધ થયેલા R.T.E. રૂલ્સ ૨૦૧૨ ના નિયમઃ ૧૩(૮) ની જોગવાઇ મુજબ આ કચેરીને અપીલ દાખલ કરી હતી.

૨/ સદરહુ અપીલ અરજી નં. ૨૫ ની સુનાવણી તા. ૨૨/૧૦/૨૦૧૯ ના રોજ રાખવામાં આવી હતી. સુનાવણીમાં નીચેના પક્ષકારો હાજર રહેલા છે.

(૧) સંસ્થાના તરફથી સેક્રેટરી હિના શાહ ઉપસ્થિત રહેલ.

૩/- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વલસાડએ બિન અનુદાનિત ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાનો ધોરણ- ૬ થી ૮ નો વર્ગ (અં.મા.) નામંજૂર કરેલ છે. નામંજૂર કરવાના કારણો નીચે પ્રમાણે છે.

- શાળાનું મકાન ટ્રસ્ટની પોતાની માલિકીનું નથી.
- રમતગમતનું મેદાન ટ્રસ્ટની માલિકીનું નથી.

૪/- સુનાવણી દરમ્યાન સંસ્થાએ નીચે મુજબ લેખિત તથા મૌખિક રજૂઆત કરેલ છે.

સંસ્થાએ નામંજુરીના આદેશમાં ઉપસ્થિત કરેલ મુદ્દા પરત્વે સદરહુ શાળા જૂની શાળા છે. શાળામાં ધોરણ- ૧ થી ૫ (અંગ્રેજી માધ્યમ) ચાલુ છે. શાળા લીઝ પર હોવાનો આધાર રજુ કરેલ છે. શાળાનો નકશો એપ્રુવ કરાવેલ છે. બી.યુ.પી. સર્ટી રજુ કરેલ છે. રમતગમતનું પુરતા ક્ષેત્રફળવાળુ હોવાનો આધાર રજુ કરેલ છે. સ્કુલ સેફટી પોલીસીના અમલની બાંહેધરી આપેલ છે. ચેકલીસ્ટ મુજબ જરુરી આધારો રજુ કરેલ છે.

PRINCIPAL
PODAR INTERNATIONAL SCHOOL-VAPI

તારણોઃ-

સંસ્થાએ નામંજુરીના આદેશમાં ઉપસ્થિત કરેલ મુદ્દાઓ પરત્વે આ જ શાળામાં અંગ્રેજી માધ્યમમાં ધો. ૧ થી ૫ ની શાળા વર્ષ ૨૦૧૫ થી ચાલે છે. શાળાનું મકાન અને રમતગમતનું મેદાન ૨૯ વર્ષનું લીઝ પર રાખેલ છે. આધારો રજુ કરેલ છે. શૈક્ષણિક હેતુ માટે એન.એ. થયેલ છે. સક્ષમ અધિકારીનું બી.યુ.પી. રજુ કરેલ છે. પુરતા ક્ષેત્રફળવાળુ રમતગમતનું મેદાન છે. સક્ષમ અધિકારીનું બી.યુ.સી. પણ રજુ કરેલ છે. સ્ટ્રકચર સ્ટેબીલીટી સર્ટી માન્ય અધિકારીનું રજુ કરેલ છે. શાળાનો નકશો અધિકૃત અધિકારી ધ્વારા એપ્રુવ કરાવેલ છે. પુરતા ક્ષેત્રફળવાળા ઓરડા છે. રીઝનલ ફાયર ઓફિસરની એન.ઓ.સી. રજુ કરેલ છે.

ઉકત વિગતો અને સંદર્ભ- ૫ માં દર્શાવેલ જાહેરનામું ધ્યાને લેતાં શાળા મંડળને ધોરણ ૬ થી ૮ (અંગ્રેજી માધ્યમ) મંજુર કરવામાં હરકત સરખુ નથી.

હુકમઃ-

હું ડૉ. એમ.આઈ.જોષી પ્રાથમિક શિક્ષણ નિયામક (ગુ.રા.) મને આમુખ- ૧, મુજબ મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ- ૧૯૪૭ અને નિયમો-૧૯૪૯ તથા આમુખ- ૨, ગુજરાત RTE નિયમો-૨૦૧૨ હેઠળ મળેલ સત્તા અન્વયે પોદાર એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફીસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ સંચાલિત પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, ટુકવાડા ગામ, વાપી, વલસાડની જૂનઃ૨૦૧૯ થી બિનઅનુદાનિત ખાનગી ઉચ્ચ પ્રાથમિક શાળાનો ધોરણ- ૬ થી ૮ નો એક એક વર્ગ (અં.મા.) શરૂ કરવાની દરખાસ્ત ઉપર્યુકત તારણમાં જણાવેલ કારણોસર **મંજૂર કરવાનો આદેશ કરું છું.**

જિલ્લા શિક્ષણાધિકારીને સદર શાળા/વર્ગની નોંધણી કરી આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે. શાળાને ગુજરાત RTE રૂલ્સ- ૨૦૧૨, સ્કૂલ સેફટી પોલીસી-૨૦૧૬ અને ફી રેગ્યુલેશન એકટ- ૨૦૧૭ નો અમલની કરવાની તથા ફાયર સેફટી હોવા અંગેનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર મેળવી લેવાની શરતે મંજૂરી આપવામાં આવે છે.

(ડૉ.એમ.આઈ.જોષી)
પ્રાથમિક શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

DIRECTORATE OF PRIMARY EDUCATION GOVT OF GUJ सत्यमेव जयते

પ્રતિ,

(૧) પ્રમુખ/મેનેજીંગ ટ્રસ્ટીશ્રી,

- પોદાર એજ્યુકેશન ટ્રસ્ટ, ૮૫, પોદાર સેન્ટર, ડૉ. આંબેડકર રોડ, ચામારબાગ, પોસ્ટ ઓફીસ રોડ, પરેલ, મુંબઈ-૪૦૦૦૧૨ C/O પોદાર ઈન્ટરનેશનલ સ્કુલ, ટુકવાડા ગામ, વાપી, વલસાડ

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, વલસાડ

(૩) સિલેક્ટ ફાઈલ